
# હરિયાણાના નવા મુખ્યમંત્રી મનોહરલાલ ખટ્ટર



ચંદીગઢ,તા. ૨૧

હરિયાણામાં મુખ્યમંત્રી કોણ બનશે તેને લઈને પ્રવર્તી રહેલી અટકળોનો અંત આવી ગયો છે. મનોહરલાલ ખટ્ટર હરિયાણાના મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સંભાળશે. હરિયાણા વિધાનસભા પક્ષના નેતા તરીકે ખટ્ટરની નિમણૂંક ાજે કરવામાં આવી હતી. ભાજપ વિધાનસભા પક્ષની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. હરિયાણાના ઈતિહાસમાં પ્રથમ વખત બહુમતિ મેળવીને ભાજપે સત્તા કબજે કરી છે. ખટ્ટર છેલ્લા ૧૮ વર્ષમાં હરિયાણાના પ્રથમ બિન જાટ મુખ્યમંત્રી બનવા જઈ રહ્યા છે. ચૂંટણી રાજકારણમાં નવા ચહેરા તરીકે ઉભરેલા ૬૦ વર્ષીય ખટ્ટર કરનાલ વિધાનસભા બેઠકથી ચૂંટણી મેદાનમાં ઉતર્યા હતા. અહીંથી જ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કર્યા હતા. પ્રથમ વખત ધારાસભ્ય બનેલા ખટ્ટર પાસે કોઈ વહીવટી અનુભવ નથી પરંતુ છેલ્લા ૪૦ વર્ષથી તેઓ આરએસએસના સારા ઓર્ગેનાઈઝર તરીકે રહ્યા છે. તેઓએ કરનાલ બેઠક પરથી ૬૩૭૩૬ મતે જીત મેળવી હતી. મૂળભૂતરીતે પંજાબી ખટ્ટર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ભાજપ પ્રમુખ અમિત શાહના વિશ્વાસુ તરીકે છે. ભાજપ વિધાનસભા પક્ષની બેઠક મળી હતી જેમાં ચૂંટાયેલા તમામ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ બેઠકમાં કેન્દ્રીય પ્રધાન વેંકૈયા નાયડુ અને પક્ષના ઉપપ્રમુખ દિનેશ શર્મા ઉપસ્થિત રહ્યા હતા. હરિયાણાના મુખ્યમંત્રીના નામ અંગે નિર્ણય લેવા ભાજપ સંસદીય બોર્ડની બેઠક દ્વારા નિરીક્ષક તરીકે નાયડુ અને દિનેશ શ ર્માની નિણણૂંક કરવામાં આવી હતી. આજે યોજાયેલી ભાજપ વિધાનસભા પક્ષની બેઠકમાં તમામ ૪૭ નવા ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ ધારાસભ્યોના અભિપ્રાય લેવામાં આવ્યા બાદ ખટ્ટરની ટોપ હોદ્દા માટે પસંદગી કરાઈ હતી.હરિયાણાની રચના કરવામાં આવ્યા બાદથી મોટાભાગના જાટ સમુદાયના મુખ્યમંત્રીઓનું પ્રભુત્વ રહ્યું છે. બિન જાટ મુખ્યમંત્રીઓમાં ભગવત દયાલ શર્મા, રાવ બિરેન્દરસિંહ, બાનાદાસ ગુપ્તા અને ભજનલાલનો સમાવેશ થાય છે.

## ભારતીય હોકી કોચ વોલ્શે આખરે આપેલું રાજીનામુ

નવીદિલ્હી, તા. ૨૧

ઈંચનમાં તાજેતરમાં જ એશિયન રમતોત્સવમાં ભારતીય ટીમને સુવર્ણ ચંદ્રક અપાવવામાં મુખ્ય ભૂમિકા અદા કરનાર ટેરી વોલ્સે ભારતીય હોકી ટીમના કોચ તરીકે રાજીનામુ આપી દીધું છે. પગારને લઈને વિખવાદ થતાં રાજીનામુ આપી દેવાની ફરજ પડી છે. ટેરી વોલ્સે આ નિર્ણય બદલ સંબંધિત અધિકારીઓને જવાબદાર ઠેરવ્યા છે. ૧૯મી ઓક્ટોબરના દિવસે લખવામાં આવેલા પત્રમાં વોલ્સે સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર જનરલ જીજી થોમસનને કહ્યું છે કે, ભારતમાં રમત ગમત સાથે સંકળાયેલા તંત્રની કામ કરવાની પદ્ધતિને લઈને તેઓ હેરાન છે અને તેમના દ્વારા કરવામાં આવેલા નિર્ણયને લઈને મુશ્કેલી અનુભવી રહ્યા છે. આ બાબત લાંબા ગાળે ભારતીય હોકી અને તેના ખેલાડીઓના હિતમાં રહેશે નહીં તેમ તેઓ માને છે. તેમણે પત્રમાં ઘણી બાબતોનો ઉલ્લેખ કર્યો હતો. બ્યુરોક્રેટિક બાબતોની અંદર પ્રોફેશનને યોગ્ય રીતે જાળવી રાખવામાં આવે તે જરૂરી છે. આ પ્રકારની જટિલ સ્થિતિમાં તેઓ રહી શકે તેમ નથી. ઓસ્ટ્રેલિયામાં તેમના પરિવારના સભ્યો રહે છે. તેમની વર્તમાન જવાબદારીના કારણે તેઓ અંગત લાઈફમાં દબાણ અનુભવીસ રહ્યા છે. વોલ્સનો કોન્ટ્રાક્ટ વિધિવતરીતે ૧૯મી નવેમ્બરના દિવસે પુરો થઈ રહ્યો છે. છઠ્ઠીથી ૧૪મી ડિસેમ્બર દરમિયાન ભુવનેશ્વરમાં ચેમ્પિયન્સ ટ્રોફી શરૂ થાય તેના પહેલા કોન્ટ્રાક્ટ પુરો થઈ રહ્યો છે. પૂર્વ ઓસ્ટ્રેલિયન હોકી ખેલાડી વોલ્સ ૨૦૧૩માં ભારતીય ટીમના કોચ તરીકે જોડાયા હતા. માઈકલ નોબ્સની હકાલપટ્ટી બાદ તેઓ નિમાયા હતા. ૧૯૭૬માં મોન્ટ્રીયલ ઓલિમ્પિકમાં ઓસ્ટ્રેલિયાએ સિલ્વર જીતવામાં સફળતા મેળવી હતી તે ટીમમાં ટેરી વોલ્સ સામેલ હતા. તેમના કોચિંગ હેઠળ ઓસ્ટ્રેલિયાએ ઘણી સફળતા મેળવી હતી. ૧૯૯૯માં ચેમ્પિયન્સ ટ્રોફી જીતી હતી. ઓલિમ્પિક બ્રોન્ઝમાં સફળતા મળી હતી.

## મહારાષ્ટ્રમાં દિવાળી પહેલા સરકારની રચના નહીં કરાય

નવી દિલ્હી,તા. ૨૧

મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. કેટલાક કારણોસર સરકાર રચવાની કવાયત હાલ રોકાઈ ગઈ છે. હવે મહારાષ્ટ્રમાં દિવાળી પર્વ પહેલા સરકારની રચના અને લીડરશીપ મુદ્દે કોઈ પણ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા નહીવત દેખાઈ રહી છે. જો કે કેન્દ્રિય ગૃહપ્રધાન રાજનાથસિંહે કહ્યું છે કે મહારાષ્ટ્રમાં સરકારની રચનાને લઈને કોઈ દુવિધા નથી. પરંતુ નવેસરના સંકેત મુજબ મહરાષ્ટ્રમાં દિવાળી બાદ જ સરકારની રચના કરવામાં આવનાર છે.કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથ સિંહે આજે મુંબઈની તેમની સુચિત યાત્રાને મોકુફ કરી દીધી છે. તેઓ મહારાષ્ટ્રના ચૂંટાયેલા ભાજપના ધારાસભ્યોને મળનાર હતા. સાથે સાથે લીડરશીપ અને સરકારની રચના મુદ્દે નિર્ણય કરનાર હતા પરંતુ હજુ સુધી કોઈ નિર્ણય ન કરાતા હવે દિવાળી બાદ નિર્ણય કરવામાં આવે તેવી શક્યતા છે.





દિલ્હીમાં એક કાર્યક્રમના ભાગરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે દિવાળી બાદ તેઓ મુંબઈ જશે. પક્ષના વરિષ્ઠ નેતા જેપી નડ્ડાની સાથે રાજનાથ સિંહ પક્ષના નિરિક્ષક તરીકે મહારાષ્ટ્રમાં જનાર છે. મહારાષ્ટ્ર ભાજપ વિધાનસભા પક્ષના નેતા તરીકે કોઈ એકની પસંદગી કરવા માટે તેઓ મુંબઈ જનાર છે. ભાજપ સંસદીય બોર્ડના નિર્ણય મુજબ તેઓ મુંબઈ જનાર છે. ભાજપ વિધાનસભા પક્ષના નેતાની ચૂંટણીને લઈને કોઈ ગૂંચવણ છે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આ બાબતને લઈને કોઈ તકલીફ નથી. સુત્રોએ કહ્યું છે કે ભાજપે શિવ સેના સાથે સંયુક્તરીતે સરકારની રચના કરવામાં આવે કે નેસનલ કોંગ્રેસ પાર્ટીના બહારથી ટેકા સાથે સરકારની રચના કરવામાં આવે તે અંગે હજુ સુધી કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. નિતિન ગડકરી અને અન્યો મુખ્યપ્રધાનપદના દાવેદારો છે. ભાજપની વ્યુહરચના અંગે કોઈ નિર્ણય કરવામાં આવ્યો નથી. મળેલી માહિતી મુજબ હાલમાં તમામ રાજકીય પક્ષોની સ્થિતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. ટૂંક સમયમાં જ ચિત્ર સ્પષ્ટ થયા બાદ સરકાર રચવાના કવાયત હાથ ધરવામાં આવશે. સરકારની રચના કરવા તેમને રાજ્યપાલ દ્વારા આમંત્રણ અપાયું નથી. હાલમાં ભાજપની વ્યૂહરચના શક્ય તેટલા વધુ સમય સુધી નિર્ણયને મોકૂફ રાખી શિવસેનાને ગુંચવણભરી સ્થિતિમાં મુકવાની છે.

**રાજનાથસિંહ દ્વારા સંકેત અપાતા સુરક્ષા વધારાઇ**

## ત્રાસવાદી હુમલાની શક્યતા દિવાળી પર નકારી ન શકાય

નવી દિલ્હી,તા. ૨૧

કેન્દ્રિય ગૃહપ્રધાન રાજનાથસિંહે આજે કહ્યું હતું કે દેશમાં દિવાળીના તહેવાર દરમિયાન ત્રાસવાદી હુમલાની શક્યતાને નકારી શકાય નહી. દિલ્હીમાં એક કાર્યક્રમના ભાગરૂપે પહોંચેલા રાજનાથે કહ્યું હતું કે કોઈ શક્યતાને નકારી શકાય નહી. ત્રાસવાદી પ્રવૃતિની અવગણના કરી શકાય નહી. હેથી એલર્ટ રહેવાની સુચના આપવામાં આવી છે. તહેવાર દરમિયાન ત્રાસવાદી હુમલાની શક્યતા છે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે શક્યતા રહેલી છે. તહેવારની સિઝન દરમિયાન કોમવાદીરીતે સંવેદનશીલ રહેલા સ્થળો અને પુજાના સ્થળોની સુરક્ષાની ખાતરી કરવા માટે તમામ રાજ્યોને કોઈ સુચના કેન્દ્રિય ગૃહ મંત્રાલય તરફથી આપવામાં આવી છે કે કેમ તે અંગે પુછવામાં આવતા તેમણે કહ્યું હતું કે આવી સુચના સરકારને મળતી માહિતીના આધારે સમય સમય પર જારી કરવામાં આવે છે. અમે નિયમિત એલર્ટની ાજાહેરાત કરતા હોઈએ છીએ. જે કઈ પણ માહિતી મળે છે તે આધારે એલર્ટ જારી કરવામાં આવે છે. સુચનામાં જણાવ્યું હતું કે દેશના કેટલાક ભાગોમાં હાલ કોમી હિંસા થઈ ચુકી છે. ગણેશ ચતુર્થી અને દુર્ગા પુજા દરમિયાન કોમી હિંસા થઈ હતી. અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે બકરી ઈદના પ્રસંગે પણ કેટલાક રાજ્યોમાં હિસા થઈ ચુકી છે. દિવાળી અને કાળી પુજા ૨૩મી ઓકટોબરના દિવસે કરવામાં આવનાર છે. જેથી તકેદારી રાખવામાં આવે તે જરૂરી છે. યોગ્ય સુરક્ષા વ્યવસ્થા તમામ જગ્યાએ ગોઠવી દેવામાં આવી છે. કોમી હિંસાને રોકવા માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે. અગાઉ પોલીસ સ્થાપના દિવસના પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં રાજનાથસિંહે શહીદોને અંજલિ આપી હતી. તેમણે કહ્યું હતું કે મોદી સરકાર દિલ્હીના ચાણક્યપુરી વિસ્તારમાં નેશનલ પોલીસ મેમોરિયલ સ્થાપિત કરવામાં આવશે.

## આંધ્રપ્રદેશ ફેકટરી બ્લાસ્ટમાં મોતનો આંક વધીને ૧૭ થયો

હૈદરાબાદ,તા. ૨૧

આંધ્રપ્રદેશમાં ફટાકડાના એકમમાં ગઈકાલે થયેલા પ્રચંડ બ્લાસ્ટ અને ત્યારબાદ લાગી ગયેલી આગના બનાવમાં મોતનો આંકડો વધીને આજે ૧૭ ઉપર પહોંચી ગયો હતો. દરમિયાન બનાવ અંગે વાયએસઆર કોંગ્રેસના નેતા જગનમોહન રેડ્ડી દ્વારા પણ દુખ વ્યક્ત કરવામાં આવ્યું છે. જરૂરી પરવાનગી લીધા વિના ફટાકડા બનાવતા એકમો સામે પગલા લેવામાં આવી રહ્યા છે. આવા દુકાનદારો સામે



બ્લાસ્ટમાં વધુ પાચં લોકોના મોત થઈ ગયા હતા. ઘાયલ થયેલા કેટલાક લોકો પૈકી હજુ ગંભીર છે. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ઈમારતમાં ગેરકાયદેરતે ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. પૂર્વીય ગોદાવરી જિલ્લાના વાકાટિપ્પા ગામમાં એક ઈમારતમાં ફટાકડા બનાવવાનુ કામ ગેરકાયદેરીતે ચાલી રહ્યું હતુ. દિવાળી માટે ફટાકડા બનાવવામાં આવી રહ્યા હતા. મુખ્યપ્રધાન ચન્દ્રાબાબુ નાયડુએ બનાવ અંગે દુખ વ્યક્ત કરીને મૃતકના પરિવારને બે બે લાખ રૂપિયાના વળતરની જાહેરાત કરી છે. આ ઉપરાંત નાયડુએ ઈજાગ્રસ્તોને તમામ જરૂરી તબીબી સહાય આપવા અધિકારીઓને સુચના આપી છે. ૪૦ કેસો નોંધવામાં આવ્યા છે અને ૩૦ લાખની કિંમતના ફટાકડા કબજે કરવામાં આવ્યા છે.

દરમિયાન પોલીસો તેલંગણાના હૈદરાબાદ અને રંગારેડ્ડી જિલ્લામાં દરોડા પાડ્યા છે. નિયમોનો ભંગ કરવા બદલ પગલા લેવામાં આવી રહ્યા છે. અત્રે ઉલ્લેખનીય છે કે દરિયાકાંઠાના પૂર્વ ગોદાવરી જિલ્લામાં ફટાકડા બનાવતા એકમમાં પ્રચંડ વિસ્ફોટ થયો હતો. બનાવની જાણ થતાં જ વરિષ્ઠ પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને સમગ્ર મામલામાં તપાસ હાથ ધરી હતી. સાથે-સાથે આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.

## વિન્ડિઝ સામે દ્વિપક્ષીય શ્રેણી મોકૂફ રાખવા કઠોર નિર્ણય

હૈદરાબાદ,તા. ૨૧

ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડે તાજેતરની વનડે શ્રેણી દરમિયાન અધવચ્ચે જ પ્રવાસને પડતા મુકી દેવા બદલ વિન્ડિઝ ક્રિકેટ બોર્ડ સામે કઠોર કાયદાકીય પગલા લેવાની તૈયારી કરી લીધી છે. સાથે સાથે વિન્ડિઝ સાથે ભાવી મેચો નહીં રમવાનો પણ હાલમાં નિર્ણય લેવામાં આવ્યો છે. ભારત અને વિન્ડિઝ વચ્ચે તમામ દ્વિપક્ષીય શ્રેણી સસ્પેન્ડ કરવાનો નિર્ણય કરવામાં આવતા વિન્ડિઝને મોટો ફટકો પડ્યો છે. બીસીસીઆઈએ મંગળવારના દિવસે હૈદરાબાદમાં યોજાયેલી તેની કારોબારી સમિતિની બેઠકમાં આ નિર્ણય લીધો હતો. હૈદરાબાદમાં આ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં એવી જાહેરાત પણ કરવામાં આવી હતી કે, શ્રીલંકા સામે પાંચ વન ડે મેચોની શ્રેણી રમાશે. આ પાંચ વનડે મેચો પૈકીની એક મેચ અમદાવાદમાં પણ રમાશે. કટક, હૈદરાબાદ, રાંચી, કોલકાતા અને અમદાવાદમાં વનડે મેચો રમાશે. બીસીસીઆઈએ સ્પષ્ટતા કરતા કહ્યું છે કે, શ્રીલંકા સામેની મેચો બીજી નવેમ્બરથી શરૂ થશે. બીસીસીઆઈ દ્વારા યાદીમાં જણાવવામાં આવ્યું છે કે, બીસીસીઆઈ વિન્ડિઝ ક્રિકેટ બોર્ડ સામે કાયદાકીય પગલા લેશે. કારણ કે, ભારતના પ્રવાસને અધવચ્ચે પડતો મુકવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. બીસીસીઆઈ અને વિન્ડિઝ ક્રિકેટ બોર્ડ વચ્ચેના તમામ





દ્વિપક્ષીય પ્રવાસ સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. બીજી બાજુ શ્રીલંકન ક્રિકેટ બોર્ડે પાંચ વન ડે મેચો રમવાની દરખાસ્ત મુકી હતી જે સ્વીકારી લેવામાં આવી છે. ખુબ જ ટૂંકા ગાળામાં આ શ્રેણીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ પ્રવાસ મૂળભૂતરીતે મોડેથી શરૂ થનાર હતો પરંતુ હવે વહેલીતકે આ પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. વન ડે શ્રેણી ચાલી રહી હતી ત્યારે વિન્ડિઝે અધવચ્ચે જ પ્રવાસને પડતો મુકવાનો નિર્ણય કર્યો હતો. વિન્ડિઝની ટીમ ભારતમાં વનડે ઉપરાંત ટ્વેન્ટી મેચ અને ત્રણ ટેસ્ટ મેચો રમનાર હતી. આ પ્રવાસ પડતો મુકવામાં આવતા ભારતીય ક્રિકેટ કન્ટ્રોલ બોર્ડને આશરે ૪૦૦ કરોડનું નુકસાન થયું હતું. બોર્ડે વિન્ડિઝ ક્રિકેટ બોર્ડ પાસેથી નુકસાન ભરપાઈની માંગ કરી છે. બીસીસીઆઈએ થોડાક દિવસ સુધી ગુંચવણભરી સ્થિતિમાં રહ્યા હતા આખરે કઠોર કાર્યવાહી કરવાનો નિર્ણય કર્યો છે. વેસ્ટઈન્ડિઝનો શ્રેણીમાંથી ખસી જવાનો નિર્ણય ખુબ જ જટિલ હતો. બીસીસીઆઈને ભારે મુશ્કેલી નડી હતી. શ્રીલંકન ક્રિકેટને પહેલીથી ૧૫મી નવેમ્બર વચ્ચે પાંચ વન ડે મેચો રમવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. શ્રીલંકન બોર્ડે આ આમંત્રણને સ્વીકારી લીધું છે.

## છઠ્ઠ માટે ૩૦૦ સ્પેશિયલ ટ્રેનો દોડાવવાની જાહેરાત

પટણા,તા. ૨૧

રેલવે દ્વારા છઠના પ્રસંગે ૩૦૦થી વધારે ખાસ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરવામાં આવી છે. દેશના જુદા જુદા ભાગોમાંથી ખાસ ટ્રેનો દોડાવવામાં આવનાર છે. આ મહિનામાં મોડેથી છઠ્ઠ પ્રસંગની ઉજવણી કરવામાં આવનાર છે. રેલવે દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે આ પ્રસંગે લોકોને કોઈ તકલીફ ન પડે તે માટે ૩૦૦ ટ્રેનો દોડાવવામાં આવનાર છે. છઠ્ઠ પર્વની ઉજવણી કરવા માટે લાખો લોકો બિહાર જવાની ઈચ્છા રાખે છે. રેલવે એમઓએસ મનોજ સિંહા દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે લોકોને કોઈ તકલીફ ન પડે તે માટે ટ્રેનો દોડાવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે બિહારમાં છઠ્ઠ પ્રસંગને મોટા તહેવાર તરીકે ગણવમાં આવે છે. સુર્ય ભગવાન સાથે આ તહેવાર સંબંધ ધરાવે છે. બિહારમાં મોટા ભાગના લોકો આ તહેવારને શાનદારરીતે ઉજવે છે. દેશના જુદા જુદા ભાગો રહેતા બિહારી લોકો આ પ્રસંગે પોતાના વતનમાં પહોંચે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખાસ આયોજન કરવામાં આવ્યુ છે.

લાખો લોકોના ધસારાને ધ્યાનમાં લઈને તમામ તૈયારી ચાલી રહી છે. બિહારમાં છઠ્ઠ પ્રસંગના ધ્યાનમાં લઈને પુરતી સુરક્ષા વ્યવસ્થા પણ ગોઠવી દેવામાં આવી છે. કોઈ પમ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવી રહ્યા છે.

## ચીનમાં ગયા વર્ષે ૨૪૦૦ લોકોને ફાંસી અપાઇ હતી

બેજિંગ,તા. ૨૧

ચીનમાં ગયા વર્ષે સૌથી વધુ ૨૪૦૦ લોકોને ફાંસી આપવામાં આવી હતી. અમેરિકા સ્થિત અધિકાર ગ્રુપ દ્વારા આ મુજબની માહિતી આપવામાં આવી છે. ચીનના ચોંકાવનારા આંકડા જારી કરવામાં આવ્યા બાદ વિશ્વના દેશોમાં આની ચર્ચા રહી છે. એકબાજુ દુનિયાના મોટા ભાગના દેશો ફાંસીને નાબુદ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છે ત્યારે ચીનમાં મોટી સંખ્યમાં લોકોને ફાસી આપવાનો સિલસિલો જારી રહ્યો છે. વર્ષ ૨૦૧૨ની સરખામણીમાં આ આંકડામાં ૨૦ ટકાનો ઉલ્લેખનીય ઘટાડો થયો છે. મૃત્યુદંડની સજાને લઈને ચીન મક્કમ રહ્યું છે. વર્ષ ૨૦૧૩માં વિશ્વના અન્ય ભાગોમાં ૭૭૮ લોકોને ફાંસી આપવામાં આવી હતી. ચીનમાં સેંકડો લોકોને ત્રાસવાદી કૃત્ય બદ દોષિત ઠેરવવામાં આવ્યા હતા. ગયા સપ્તાહમાં જ કોર્ટે જુલાઈ મહિનામાં થયેલા હુમલાના સંબંધમાં ૧૨ લોકોને આપવામાં આવેલી ફાંસી સામે વાંધો ઉઠાવ્યો હતો. અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે વિશ્વના અન્ય તમામ દેશોની સરખામણીમાં ચીનમાં વધુ પ્રાણમાં લોકોને ફાંસી આપવામાં આવે છે. ચીનની કાયાદાકીય વ્યવસ્થા પર શાસક કોમ્યુનિસ્ટ પાર્ટી દ્વારા મજબુત નિયંત્રણ રાખવામાં આવે છે.

### Hello ફ્રેન્ડઝ ! (પાના નં. ૪ નું ચાલુ)


આપણે ચોક્કસ પણે ખુશીઓની દિવાળી મનાવીએ, આપણી જ કમાઈના રૂપિયામાંથી ખુબ ખરીદી કરીએ, આતશભાજી કરીએ, મિઠાઈ લાવીએ, શણગાર કરીએ, મિઠાઈ લાવીએ, શણગાર કરીએ, આપણો હક અને અધિકાર છે. આપણે નસીબદાર છીએ કે આપણી પાસે પુષ્કળ છે. સાથોસાથ જેમની પાસે આ બધું નથી એમની લાગણીને સમજી એમનોય વિચાર કરીએ અને તહેવારમાં એમનેય સહભાગી બનાવીએ...

હાયર સેકન્ડરીમાં ભણતાં અવાજ અને હવાનું પ્રદૂષણ વધે છે. તેથી ફટાકડાં ન ફોડાય. વિશ્વમાં આપણે આવ્યા અને આપણાં પછી આવનારી પેઢીનાં ભવિષ્ય માટેય આજે આવાં સતકાર્યો કરવા જરૂરી છે. દિવાળી હર્ષ ઉલ્લાસનું પર્વ છે, પ્રકાસનો તહેવાર છે, બાળક ૧૫-૧૬ વર્ષની નીચેના ફટાકડાં ફોડે પણ એ અવાજ-હવાનાં પ્રદૂષણ ન ફેલાય એવાં ફટાકડાં ફોડે પણ એ અવાજ-હવાનાં પ્રદૂષણ ન ફેલાય એવા ફટાકડાં ફોડે એ જોવાની ફરજ આપણી જ છે...

આ દિવાળીએ આપણે માત્ર ડાયાબિટીશ, પોલ્યુશન, અને ક્રેડિટ કાર્ડના બિલ જ નહી વધારીએ પણ જરૂરિયાતમંદની દિવાળી સુધારી એમનાં ચહેરા પરનું હાસ્ય પણ વધારીશું...

**ચૂંટલો :**

તહેવારે વિશ્વ માટે કંઈક પોઝિટીવ કરીશું. જીવનમાં ક્યાંક સમાજ પ્રત્યેની સમજદારીનો આછો આછો દીવો પણ ટમટમતો રહે તેથી વધુ રુડું શું હોય? દીવાળીએ પ્રકાશનો તહેવાર છે અને એની સાચી ઓળખ અહીં જ પ્રસ્થાપિત થશે.



દિવાળી ઉત્સવ ટાણે કોલકાતાના ગીરીશ પાર્ક પૂજા પંડાલમાં પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ દિપ પ્રગટાવી કાલી પૂજાનો પ્રારંભ કરાવ્યો હતો.

### ગુલમહોર (પાના નં. ૪ નું ચાલુ)

સ્કિઝોફેનિયા એટલે શું? આવી વ્યક્તિને જે વ્યક્તિ કે વસ્તુ કે સ્થિતિ નજર સામે ન હોય છતા પણ તે નજર સામે જ હોવાનો આભાસ થવા માંડે, એવી વ્યક્તિનું વર્ણન કરવા માંડે અને સદા કોઈને કોઈ વિશે ભ્રમણામાં જ રાચે. પોતાના માનસિક પ્રોબ્લેમ વિશે જો તેને કોઈ કશુંક પણ કહે તો એ વ્યક્તિ ચિડાઈ જાય અને સામેની વ્યક્તિ સાથે ઝગડવા પણ લાગે. આવી વ્યક્તિના વ્યવહાર અને વર્તનમાં બહુ ઝડપથી અને વારંવાર ફેરફાર આવ્યા કરે છે. પોતાના વિચારો સ્પષ્ટ અને સાફ-સુરેખ ન હોય. એમ કહી શકાય કે સ્કિઝોફ્રેનિક વ્યક્તિને પોતાની સ્વતંત્ર વિચારશક્તિ પણ ન હોય એવું બને. દરેક દર્દીને તેના વર્તન અને વ્યવહારને આધારે એકસરખા તારવી શકાતા નથી. કારણ કે દરેક દર્દીના મનોવલણો-ચિહ્નો, વ્યવહાર-વર્તન જુદા જુદા જોવા મળતા હોય છે.

અમેરિકાના વોશિંગ્ટન યુનિવર્સિટીના મનોતબીબવિજ્ઞાન વિભાગના સંશોધક પ્રોફેસરોની ટીમે વિવિધ અભ્યાસો કરીને એવા તારણો જાહેર કર્યા છે કે સ્કિઝોફ્રેનિયાના દર્દી કોઈ એક મનોરોગનું પ્રતિનિધિત્વ કરતા નથી, બલકે આઠ પ્રકારના મેન્ટલ ડિસઓર્ડર તેવી વ્યક્તિમાં ભેગા થયા હોય છે. આવા દરેક આઠ મેન્ટલ ડિસઓર્ડરનું વ્યવહાર-વર્તન અલગ અલગ હોય છે. આ સંશોધનનો અર્થ એ થયો કે આવી વ્યક્તિ-દર્દી આઠ જુદા જુદા પ્રકારના મેન્ટલ વર્તન કરે છે.

**સ્ટોપરઃ-** માણસ જેવો વ્યવહાર કરે છે, તેવો એ હોતો નથી અને જેવો હોય છે એવો વ્યવહાર કરતો નથી.

- સિગ્મન્ડ ફ્રોઈડ

### સમાચાર ઝલક

- સોનું વધારે મોંઘુ બનશે, આયાત ડ્યુટી લાદવાની તૈયારીઓ.
- દિલ્હીમાં જાન્યુઆરીમાં ચૂંટણી યોજનાાની શક્યતાઓ.
- હરિયાણા વિધાનસભામાં ૯૦ બેઠકોમાંથી ૧૩ બેઠકો પર મહિલાઓ ચૂંટાઇને અનોખો રેકોર્ડ સર્જ્યો.
- ગોપીનાથ મુન્ડેની પુત્રી પ્રિતમ મુન્ડેએ દેશના ઇતિહાસમાં સૌથી મોટી જીત મેળવી, ૬.૯૬ મતની સરસાઇથી રેકોર્ડ સર્જ્યો.
- મહિલા ફાઇટર રેહાનાએ એકલે હાથે ૧૦૦ થી વધુ આતંકવાદીઓનો સફાયો કરી નાખ્યો.
- પ્રિયંકા ચોપરા સૌથી લોકપ્રિય અભિનેત્રી બની.
- દિવાળીના તહેવારોમાં ભંગારની આવકમાં તોતિંગ વધારો, કરોડોનું ટર્નઓવર.
- મહારાષ્ટ્રના સાંગલી મતવિસ્તારથી ૧૧મી વાર વિધાનસભાની ચૂંટણી જીતી ગણપતરાવ દેશમુખે રેકોર્ડ બનાવ્યો.
- માયાવતીના બહુજન સમાજ પક્ષ (બસપા)ની માન્યતા રદ્ થવાની ઘડીઓ.
- મથુરામાં ગેરકાયદેસર હથિયારો બનાવતી અડધો ડઝન ફેક્ટરીઓ ઝડપાઇ.
- કચ્છમાં નાના-મોટાં ભૂકંપના આંચકાથી ફફડાટ વ્યાપ્યો.
- દિવાળી બાદ વીજળીના દરોમાં વધારો થશે. સીએનજી વાહન પણ મોંઘુ બનશે.
- બોકસીંગ કિંગ મોહમ્મદ અલી જીવન મરણ વચ્ચે ઝોલા ખાય છે.
- હવે કેન્દ્ર આર્થિક સુધારા પુર ઝડપે કરશે. રાજકીય મજબુરીનો અંત ૧ વર્ષ સુધી કોઈ મોટી ચુંટણી નથી.
- નવા વર્ષની શરૂઆતમાં ગુજરાત કેબિનેટનું વિસ્તરણ થવાની ચહલપહલ.